# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-05-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અમિતા વાંઝા** વાંચે છે.

---

- રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ વડોદરાની પોલિટેકનિક કોલેજ સ્થિત મતગણતરી કેન્દ્રમાં લોકસભાની ચૂંટણીની મતગણતરીની તૈયારીઓની સમીક્ષા કરી.
- લોકસભાની પહેલી જૂને યોજાનારી સાતમા અને આખરી તબક્કાની ચૂંટણીમાં 57 બેઠકો માટે મતદાન થશે – પ્રચાર પડઘમ શાંત થયા
- રાજકોટ ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટનાના ૨૭ મૃતદેહોના ડી.એન.એ. મેચીંગ કરીને આ મૃતદેહો તેમના પરીવારજનોને સોંપવામાં આવ્યા.
- રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓમાં ફાયર સેફ્ટી વ્યવસ્થા અંગે રાજ્યકક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ - રાજ્યભરમાં અગ્નિશામક ઉપકરણોના ઉપયોગ અંગે અધિકારીઓને તાલીમ અપાઇ રહી છે.
- આ વર્ષે બોર્ડની પરીક્ષામાં નાપાસ થયેલા અને પરીક્ષામાં બેસવાની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા 24મી જૂને લેવાશે.
- કેરળમાં નિર્ધારિત સમય કરતા એક દિવસ વહેલા નૈઋત્ય ચોમાસાનો આજથી આરંભ - આગામી પાંચ દિવસમાં રાજ્યના તાપમાનમાં 1 થી બે ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOKSABHA COUNTING - 1

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી. ભારતીએ આજે વડોદરાની પોલિટેકનિક કોલેજ સ્થિત મતગણતરી કેન્દ્રની મુલાકાત કરીને લોકસભાની ચૂંટણીની મતગણતરીની તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું, અને જરૂરી સૂચનો કર્યા હતા. તેમણે સલામતી વ્યવસ્થાની પણ સમીક્ષા કરી હતી. તેમણે ખાસ કરીને વાઘોડિયા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી અને લોકસભા બેઠક માટેની મતગણતરી કેન્દ્રનું બારીકાઇથી નિરીક્ષણ કરી જરૂરી સૂચનો કર્યા હતા

અમારા ભરૂચના પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે, ભરૂચમાં પોલીટેકનીક કોલેજ ખાતે મતગણતરી માટેની તમામ તૈયારીઓને આખરી ઓપ અપાઈ ગયો છે.

અમારા પોરબંદરના પ્રતિનિધિ મહેશ લુક્કા જણાવે છે કે પોરબંદર લોકસભાની તેમજ પોરબંદર અને માણાવદર વિધાનસભાની પેટા ચૂંટણીની મતગણતરી પોરબંદરની પોલિટેકનિક કોલેજમાં થશે.

ઉલ્લેખનીય છે કે લોકસભાની સામાન્ય ચૂંટણી તથા ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીઓની મતગણતરી સંદર્ભે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ ગત મંગળવારે વિડિયો કૉન્ફરન્સના માધ્યમથી સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે, ચોથી જૂને સવારે આઠ વાગે સમગ્ર રાજ્યમાં 26 મતગણતરી કેન્દ્રો પર મતગણતરી હાથ ધરાશે.

# LOKSABHA COUNTING - 2

તમામ મતગણતરી કેન્દ્રો પર ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. રાજ્યના તમામ મતગણતરી કેન્દ્રમાં મિડિયા સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે. એવી જ રીતે ગાંધીનગરમાં નવા સચિવાલયમાં રાજ્યકક્ષાનું મીડિયા સેન્ટર ઉભું કરવામાં આવશે. આ ઉપરાંત મતગણતરીના દિવસે results.eci.gov.in પર ચૂંટણીના પરિણામો જાણી શકાશે.

................................

# ELECTION- 7TH PHASE

લોકસભાની શનિવાર પહેલી જૂને યોજાનારી સાતમા અને આખરી તબક્કાની ચૂંટણીમાં 57 બેઠકો માટે મતદાન થશે અને આ બેઠકો માટેના જાહેર પ્રચારની અવધિ પૂરી થઇ છે.

સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 57 બેઠકો માટે પહેલી જૂને મતદાન થશે, લોકસભાની 57 બેઠકો માટે 904 ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. આ  ઉપરાંત ઓડિશા વિધાનસભાની ચૂંટણી માટે પણ પહેલી જૂને મતદાન થશે. લોકસભાની બધી જ બેઠકોની મતગણતરી આગામી ચોથી જૂને હાથ ધરાશે...

-------------

# TRP GAME ZONE: DNA MATCHING

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટનાના ૨૭ હતભાગીઓનાં ડી.એન.એ. મેચીંગના આધારે ઓળખ કરવામાં આવી છે અને ૨૭ મૃતદેહો તેમના પરીવારજનોને સોંપી દેવામાં આવ્યા છે. રાજ્યના રાહત કમિશનરે આ મુજબ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, હાલ કોઈ પણ વાલી વારસ તરફથી તેમના પરીવારજનો ગુમ હોવાની ફરીયાદ પેન્ડીંગ નથી. રાહત કમિશ્નરે વધુમાં જણાવ્યું કે મૃત્યુ પામેલા તમામ ૨૭ મૃતદેહોના સેમ્પલ લેવાયા ત્યારથી દરેક મૃતદેહ દીઠ એક નાયબ મામલતદાર અને એક પી.એસ.આઈ. ની નિમણૂંક કરવામાં આવી હતી. એટલું જ નહીં પણ જયારે મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવે ત્યારથી અંતિમ વિધિ સુધી તમામ બાબતમાં મદદરૂપ થવા અને ત્યાર બાદ મૃતકને આપવાની થતી મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી રાહત ભંડોળની સહાયની પ્રક્રિયા પુર્ણ કરવાની જવાબદારી પણ સોંપવામાં આવી હતી.

આમ છતાં હજુ પણ કોઈ વ્યક્તિની ઓળખ આગ દુર્ઘટના પછી મળતી ના હોય અને તેમના પરિવારજનોને શંકા હોય તો રાજકોટ શહેર પોલીસ નિયંત્રણ કક્ષ નંબર ૦૨૮૧ ૨૪૫૭૭૭૭ (૧૦૦) નો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

.........

# GNR- FIRE SEFTY BETHAK

રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓમાં ફાયર સેફ્ટી વ્યવસ્થા અંગે રાજ્યકક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ.

આરોગ્ય કમિશનર હર્ષદ પટેલની અધ્યક્ષતામાં વીડીયો કોન્ફરન્સના માધ્યમથી મળેલી બેઠકમાં રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓ ખાતે ગોઠવવામાં આવેલી ફાયર સેફટીની વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ અગમચેતીના ભાગરૂપે જરૂરી પગલાં લેવા બાબતે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા, અને તેની ચૂસ્તપણે અમલવારી કરવા પણ જણાવવામાં આવ્યું હતું.

આ વર્ચ્યુઅલ બેઠકમાં આરોગ્ય પ્રભાગના વિવિધ ઉચ્ચ અધિકારીશ્રીઓ જોડાયા હતા. આ ઉપરાંત ૪૨૨ આરોગ્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ બેઠકમાં જોડાયા.

------------

## FIRE SEFTY - 1

રાજકોટમાં બનેલી આગની દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓને અગ્નિશામક ઉપકરણોનાં ઉપયોગ અંગે પ્રત્યક્ષ તાલીમ આપવામાં આવી રહી છે.

મહીસાગર જિલ્લા કલેકટરના માર્ગદર્શનમાં જિલ્લાની ડીઝાસ્ટર ટીમ અને લુણાવાડા અગ્નિશામક દળ દ્વારા જિલ્લા સેવા સદન, જિલ્લા પંચાયત ભવન, પોલીસ વિભાગની કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારી સાથે આગની ઘટના સમયે કચેરીઓમાં ઉપલબ્ધ અગ્નિશામક સાધનોનાં ઉપયોગ અંગે તાલીમ આપીને પ્રત્યક્ષ નિદર્શન કરાયું હતું.

-----------

## Ambaji - Mokdrial

યાત્રાધામ અંબાજીના એસટી ડેપોમાં અગ્નિશામક દળોનાં આગ ઓલવવાના ઉપકરણોના ઉપયોગની મોક ડ્રિલ યોજાઇ ગઇ.

આ અંગે અંબાજી એસટી ડેપોનાં મેનેજર રઘુવીરસિંહે વધુમાં જણાવ્યું કે....

(બાઈટ-રઘુવીરસિંહ ચૌહાણ, ડેપો મેનેજર, અંબાજી)

------------

## RAJKOT Mahanagarpalika - NOC

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફાયર એન.ઓ.સી. નહીં ધરાવતા ત્રણ પેટ્રોલ પંપ સહિતના સંકુલો સીલ કરાયા.

ફાયર સેફ્ટીની ચકાસણી કરવા માટે મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈ દ્વારા દરેક વોર્ડ દીઠ એક એક વોર્ડ કમિટીની રચના કરવામાં આવેલ છે.

મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈએ આ અંગે યોજાયેલ બેઠકમાં જણાવ્યું કે, આ કામગીરીમાં હોસ્પિટલ, ટ્યુશન કલાસીસ, મોલ, અને શોપીંગ કોમ્પ્લેક્ષ, કોમ્યુનીટી હોલ, ઓડીટોરિયમ, સિનેમા હોલ, સ્કુલ કોલેજ તથા અન્ય જાહેર સ્થળો કે જ્યાં પબ્લિક ભેગી થતી હોય ત્યાં ચેકિંગ કરવામાં આવશે. જે સ્થળોએ ફાયર એન.ઓ.સી. અને બિલ્ડીંગ યુઝ પરમિશન નહીં હોય તે સ્થળોને સીલ કરવામાં આવશે.

-------

## FIRE SEFTY - 2

રાજકોટ ગેમઝોનની ઘટનાને ધ્યાને લઈ નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ એ નડિયાદ શહેરના જાહેર સ્થળોએ ફાયર સેફટીની સુવિધા, તેમજ પ્રજાજનોની સુરક્ષા હેતુના માપદંડ મુજબ તેની યોગ્ય ચકાસણી કરવા નડિયાદના ચીફ ઓફિસર અને કલેકટરને લેખિતમાં સૂચન કર્યું છે, આ ઉપરાંત વાવાઝોડા કે અન્ય કારણોસર નુકસાન પહોંચાડી શકેતેવા તેમજ મંજૂરી વિનાના તમામ હોર્ડિંગ્સને સર્વે કરીને તાત્કાલિક ઉતારી લેવા સૂચન કરાયું છે.

દરમિયાન નર્મદા જિલ્લા સેવા સદન માં આવતા તમામ વિભાગખાતે ફાયર સેફ્ટી ના બોટલ ચેક કરી ને તેનું રિફીલિંગ કરવાના ઓર્ડર આપવામાં આવ્યા છે. જે બોટલોનું ચેકીંગ કરી દેવામાં આવ્યું છે. ના પર નવા સ્ટીકર લગાડી દેવામાંઆવ્યા છે.નર્મદા જિલ્લાની તમામ ઓફીસ, સ્કૂલો અને જિલ્લા પંચાયતમાં ફાયર સેફ્ટીને લઈને તકેદારી રાખવામાં આવી રહી છે. દરમિયાન અંકલેશ્વર જીઆઈડીસીની ઈએસઆઈસી હોસ્પિટલને ફાયર સેફ્ટી અભાવે એક મહિના માટે બંધ કરાઈ.

-----------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................................

## NEWS IN BRIEF

### હવે સાંભળીએ રાજ્યના કેટલાક અન્ય સમાચાર સંક્ષિપ્તમાં....

1) સુરેન્દ્રનગર જિલ્લામાં બાળકોના સર્વાંગી વિકાસ માટે 'નિઃશુલ્ક યોગ સમર કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું

2) સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા વિજયનગર ખાતે પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારોએ પોતાના દસ્તાવેજો સાથે તારીખ ૧૩ જૂન સુધીમાં આઈટીઆઈ વિજયનગર ખાતે રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે

3) ગુજરાત પ્રદુષણ બોર્ડની પ્રાદેશિક કચેરી, મહેસાણા દ્વારા રોટરી કલબ ખાતે ઇલેક્ટ્રોનિક વેસ્ટ અંગે જાગૃતિ સેમિનાર તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું

4) પંચમહાલ જિલ્લા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મહેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ સાત તાલુકાઓના ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે "વિશ્વ માસિક સ્વચ્છતા દિવસ"ની ઉજવણી કરવામાં આવી.

5) દીવના વણાકબારા ગોમતી માતા બીચ પર માછીમારોની સલામતી માટે દીવ વહીવટીતંત્ર દ્વારા બોયા મુકવામાં આવ્યા હતા જેમાંથી એક બોયુ ધરાશયી થયું હતું.

6) છોટાઉદેપુરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નજીક ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવામાં આવ્યું અને અન્ય ૪૦ ને નોટિસ પાઠવી દબાણ દૂર કરવા નિર્દેશ અપાયો

7) અસહ્ય ગરમીને પગલે લખતરમાં અંબિકા યુવા મંડળ અને લખતર યુવા સંગઠન દ્વારા લોકોને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું

8) ભાવનગર અક્ષરવાડી સ્વામિનારાયણ મંદિર દ્વારા ૧૪મા પાટોત્સવની ઉજવણી વૈદિક વિધિ સાથે કરવામાં આવી.

9) પાટણ ઠાકોર સમાજ ટ્રસ્ટ દ્વારા સમાજનો 18મો સમૂહ લગ્નોત્સવ પાટણ શિહોરી રોડ પર યોજાયો હતો.

---------------------------------------------------

## RECHECKING

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલ ધોરણ 12 વિજ્ઞાનપ્રવાહની પરીક્ષા બાદ ઉત્તરવહીઓના રૂબરૂ અવલોકનની પ્રક્રિયા આગામી 6 થી 8 મી જૂન દરમિયાન હાથ ધરાશે. જે વિદ્યાર્થીઓએ રૂબરૂ અવલોકન માટે અરજી કરી છે, તેમને ફાળવવામાં આવેલ સમય, સ્થળ, અને તારીખ જેવી વિગતો દર્શાવતો કોલલેટર વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઇટ sci.gseb.org અથવા gseb.org પરથી આજથી ઓનલાઇન મેળવી શકશે. આ માટે વિદ્યાર્થીએ પોતાનો બેઠક નંબર અથવા નોંધણી કરાવેલ મોબાઇલ નંબર એન્ટર કરવાનો રહેશે.

ઉત્તરવહી અવલોકન માટે ઉમેદવારે વેબસાઇટ પરથી ડાઉનલોડ કરેલ કોલલેટર, પ્રવેશ પત્ર , ગુણપત્રકની નકલ અને અવલોકન માટે ફી ભર્યાની રસીદ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

--------------------

# STD-10$^{th}$ Marksheet Vitran

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ 2024માં લેવાયેવ ધોરણ – 10, સંસ્કૃત પ્રથમા, અને GSOS વિદ્યાર્થીઓના પ્રમાણપત્ર આવતીકાલે બોર્ડની કચેરીએથી જિલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા નિયત કરેલ વિતરણ સ્થળે રવાના થશે.

રાજ્યની માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાના વિદ્યાર્થીઓના પ્રમાણપક્ષ મુખત્યારપત્ર રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએથી મેળવી લેવાના રહેશે.

વિદ્યાર્થીઓને ત્રીજી જૂને શાળાએથી પરિણામ પ્રમાણપત્ર મળશે. જો કે રાજ્ય શિક્ષણ બોર્ડે વેબસાઇટ પર ઓનલાઇન માધ્યમથી 11મી મે એ પરિણામ જાહેર કર્યું હતું.

દરમિયાન ધોરણ-10, સંસ્કૃત પ્રથમા- ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ , સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, અને સંસ્કૃત મધ્યમા પ્રવાહમાં નાપાસ થયેલા અને પરીક્ષામાં બેસવાની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા 24મી જૂને લેવાશે. પરીક્ષાનો કાર્યક્રમ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર મૂકવામાં આવેલ છે.

. . . . . . . . . . . . . . .

# MONSOON KERALA

હવામાન વિભાગે જણાવ્યું છે કે, કેરળમાં નિર્ધારિત સમય કરતા એક દિવસ વહેલા નૈઋત્ય ચોમાસાનો આજથી આરંભ થયો છે.

ઉલ્લેખનીય છે કે, ચોમાસા પૂર્વેની પ્રક્રિયાના ભાગરૂપે છેલ્લા કેટલાક દિવસથી રાજ્યમાં ભારે વરસાદ થયો છે. કેરળના તમામ 14 જીલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. એવી જ રીતે દરિયો તોફાની બન્યો હોવાથી કેરળ અને લક્ષદ્વીપના માછીમારોને દરિયો નહીં ખેડવાની સૂચના અપાઇ છે,.

..................................

# GUJ. WEATHER

હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દિવસ દરમિયાન ગુજરાતમાં હવામાન સૂકું રહેશે અને સરેરાશ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. આગામી બે દિવસ દરમિયાન કચ્છ, બનાસકાંઠા, પાટણ અને સુરેન્દ્રનગરમાં ધૂળની ડમરીઓ ઉડવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. રાજ્યમાં પ્રતિ કલાક મહત્તમ 40 કિલોમીટરની ઓછી ઝડપથી પવન ફૂંકાશે. આગામી પાંચ દિવસ દરમિયાન તાપમાનમાં મોટાં ફેરફારની કોઈ સંભાવના નથી.

દરમિયાન રાજ્યમાં છેલ્લા 36 કલાકમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ઘણા સ્થળોએ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં એક થી 3 ડિગ્રી

ઓછું નોંધાયું,  તો  આ જ સમયગાળામાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં એકથી બે ડિગ્રી વધુ નોંધાયું. સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન અમદાવાદ અને ગાંધીનગરમાં નોંધાયું હતું.

------------